

Manav Mandir ni Seva
Amba Health Centre & Hospital

# ટાઇફોઇડ તાવ




ટાઇફોઇડ તાવ, જેને સામાન્ય રીતે ટાઇફોઇડ કહેવામાં આવે છે, તે એક બેક્ટેરીયલ ચેપ છે, જે ‘સાલ્મોનેલા ટાઇફી’ નામના બેક્ટેરીયાના કારણે થાય છે. ટાઇફોઇડમાં આંતરડામાં ઘણા અલ્સર થતા હોય છે.





## સંક્રમણ

સામાન્ય રીતે, ચેપી વ્યક્તિના મળ સાથે દૂષિત ખોરાક અથવા પાણીના ભળવાથી ટાઈફોઈડ ફેલાય છે. જ્યારે દર્દી શૌચાલયનો ઉપયોગ કર્યા પછી યોગ્ય રીતે હાથન ધોવે અને પછી ખોરાક અથવા પાણી વાપરે ત્યારે આ થઈ શકે છે.




## લક્ષણો

ટાઇફોઇડના લક્ષણો સામાન્ય રીતે બેક્ટેરિયાના સંપર્કમાં ૬ થી ૩૦ દિવસ પછીદેખાય છે. સામાન્ય લક્ષણોમાં

- તીવ્ર તાવ આવવો,
- નબળાઇ લાગવી,
- પેટમાં દુખાવો થવો,
- માથાનો દુખાવો થવો
- ચામડીમાં ફોલ્લીઓ થવી
- ઉલટી, ઝાડા અથવા કબજિયાત પણ થઇ શકે છે.

# કોમ્પલીકેશન

સમયસર અને યોગ્ય સારવાર થાય તો રીકવરી સામાન્ય રીતે સરસ થાય  છે. જો સારવાર ન કરવામાં આવે તો ટાઇફોઇડ તાવ ગંભીર કોમ્પલીકેશન તરફ દોરી શકે છે:




**આંતરડો ફાટી જવું**




**આંતરિક રક્તસ્રાવ થવો**



**મગજનો સોજો (એનસેફાલાઈટીસ) થવો**



**હૃદયનો સોજો (માયોકાર્ડાઈટિસ) થવો**



**ન્યુમોનિયા થવો**



**મૃત્યુ થવી**

# નિદાન

ટાઇફોઇડ તાવનું નિદાન કરવા માટે સામાન્ય રીતે રક્ત પરીક્ષણો અને કેટલીકવાર સાલ્મોનેલા ટાયફી બેક્ટેરિયમની હાજરીને ઓળખવા માટે સ્ટૂલ કલ્ચરનો સમાવેશ થાય છે.



શારીરિક પરીક્ષા અને દર્દીના તબીબી ઇતિહાસની સમીક્ષા પણ નિદાનમાં મદદ કરી શકે છે.



# સારવાર

ટાઇફોઇડ તાવની સારવાર ૭ – ૧૪ દિવસના એન્ટિબાયોટિક કોર્સ દ્વારા કરી શકાય છે. જો દવાઓનો સંપૂર્ણ કોર્સ ન લેવામાં આવે, તો રોગ શરીરમાં સુષુપ્ત રહી શકે છે અને ઘણીવાર ચેપનું પુનરાવર્તન થઇ શકે છે.



પ્રારંભિક સારવાર ગંભીર કોમ્પલીકેશન અટકાવવા માટે મહત્વપૂર્ણ છે. ગંભીર કિસ્સાઓમાં, હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડી શકે છે. યોગ્ય રીકવરી માટે સંપૂર્ણ આરામ અનેપુષ્કળ પ્રવાહી જરૂરી છે.



# પ્રિવેન્શન

## બરાબર હાથ ધોવા



ભોજન પહેલાં અનેપછી અને બાથરૂમનો ઉપયોગ કરતા પહેલાં અને પછી સાબુથી બરાબર હાથ ધોવા.

## શુદ્ધ પાણી

દુષિત પાણી અથવા કાચા અથવા ઓછારાંધેલા ખોરાકના વપરાશ ટાળો, ખાસકરીને એવા વિસ્તારોમાં જ્યાં આ રોગનું પ્રમાણ વધારે છે. કાચું દૂધ અને છાલ વિનાના ફળો લેવાનું ટાળો.



## વેક્સીન

ટાઈફોઈડ માટે રસી પણ ઉપલબ્ધ છે. એવા પ્રદેશોમાં જ્યાં ટાઇફોઇડ તાવ સ્થાનિક છે, ત્યાં ફરવા જતા આ રસી લઇ લેવી હિતાવહ છે. આ રસી



ટાઇફોઇડના ચેપને અટકાવતી નથી, પરંતુ ટાઇફોઇડના કોમ્પલીકેશનને અટકાવી શકેછે. આ વેક્સીન ત્રણ વર્ષે લેવી પડતી હોય છે.